આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

પ્રેરણાનો સૌથી મોટો દુશ્મન છે આત્મસંતોષ, આત્મસંતોષથી આળશ આવે છે...
- ડૉ. ચંદ્રકાન્ત મહેતા

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૬૭ | ૨૯ ઓગસ્ટ, ૨૦૧૪, શુક્રવાર; ભાદરવા સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

**વજુભાઈ વાળા સોમવારે કર્ણાટકના રાજ્યપાલ તરીકે શપથ લેશે**

કર્ણાટકના રાજ્યપાલ તરીકે વજુભાઈ વાળા સોમવારે સાંજે પાંચ કલાકે શપથ ગ્રહણ કરશે.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈ વાળાને કેન્દ્ર સરકારે કર્ણાટકના રાજ્યપાલ બનાવતા વજુભાઈ વાળા શનિવારના રોજ વિધાનસભા અધ્યક્ષપદે અને ધારાસભ્ય પદેથી રાજીનામુ આપશે.

**● પેપ્સીમાં ખાંડનું પ્રમાણ ઘટાડવા સુચના**

ભારતના લોકો ચરબીવાળા અને જાડિયા બને છે, ડાયાબિટીસનો ભોગ બને છે તેવું કારણ આપીને પેપ્સીકંપનીએ તેના ઠંડા પીણામાં ખાંડનું પ્રમાણ ઘટાડવાનો સરકારે અનુરોધ કર્યો છે. તાજેતરમાં ભારતની મુલાકાતે આવેલા પેપ્સીના અધ્યક્ષ ફૂડ પ્રોસેસીંગ ઈન્ડસ્ટ્રીઝના પ્રધાન એચ.કે. બાદલને મળ્યા હતા અને ભારતના સૂચન મુજબ સ્વાસ્થ્યલક્ષી પીણાની ખાતરી આપી હતી.

ગાંધીનગર સમાચાર

**મિચ્છામી દુક્કડમ**

સંવતસરીના પાવન પર્વે ગાંધીનગર સમાચાર સૌને મિચ્છામી દુક્કડમ પાઠવે છે.
- તંત્રીશ્રી

# આજથી ગાંધીનગર ગણેશમય

### ગાંધીનગરના ઈતિહાસમાં પ્રથમ વખત ગણેશોત્સવ વ્યાપક સ્વરૂપે ઉજવાશે : નગરજનો દુંદાળા દેવની ભક્તિમાં લીન થશે : આજે ઠેર-ઠેર ભવ્ય શોભાયાત્રાઓનું આયોજન : ઢોલ-નગારા સાથે વાજતે ગાજતે ગણપતિનું સ્થાપન કરાશે : રોજ રાત્રે નવરાત્રિ જેવો માહોલ જામશે


(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૨૮

આવતીકાલથી ગાંધીનગર સંપૂર્ણપણે દુંદાળા દેવ ગણેશજીની ભક્તિમાં લીન થઈ જશે. અને સમગ્ર ગણેશોત્સવ દરમ્યાન રોજ રાત્રે વિવિધ કાર્યક્રમો દ્વારા નગરજનોને આનંદોત્સવ પણ માણવા મળશે. આવતીકાલે ગણેશજીની સ્થાપના કરાશે અને આ પ્રસંગે દરેક ગણેશોત્સવ સમિતિ દ્વારા ભવ્ય શોભાયાત્રાઓનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રાવણ માસમાં ભગવાન સદા શિવની આરાધના પછી હવે નગરજનોમાં ગણપતિ ઉત્સવનો ઉમંગ ઉભરાઈ રહ્યો છે અને આ વર્ષે થયેલા આ ઉત્સવના આયોજનો પરથી એવુ સ્પષ્ટ જણાઈ આવે છે કે નવરાત્રિ બાદ હવે ગણેશોત્સવ એ નગરનો બીજો મુખ્ય લોકઉત્સવ બની ગયો છે.

ગણેશજી એવા દેવતા છે જેઓ હસતાં હસતાં ભક્તના દુઃખ અને વિઘ્નો હરી લે છે, તેઓ વિવિધ રૂપોમાં, વિવિધ ડીઝાઈનોમાં અને વિવિધ છટાઓમાં શ્રદ્ધાળુઓનું મન મોહી લે છે. મહારાષ્ટ્ર પછી હવે ગુજરાતમાં અત્યંત લોકપ્રિય બનેલા આ તહેવારે ગાંધીનગરના ધાર્મિક ભક્તોને ઘેલા કર્યા છે. હવે સેક્ટરોમાં કરાતા જાહેર આયોજનો સિવાય પણ વધુને વધુ નગરજનો પોતાના ઘરે ગણપતિની સ્થાપના કરી રહ્યા છે. ગણેશ ચતુર્થીના દિવસે શ્રદ્ધાળુઓ ગણેશજીની સ્થાપના કરી શક્તિ મુજબ ૫, ૭, ૧૧ કે ૧૫ દિવસ રાખી તેમની રોજ પૂજા-અર્ચના કરે છે અને અંતમાં તેમનું નદી કે તળાવમાં વિસર્જન કરવામાં આવે છે. ગણપતિની સ્થાપના અને વિસર્જન બંને સમયે તેમની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવે છે.


(તસવીર : દિપક જાની)

ગાંધીનગરમાં આ વર્ષે ૧૧ જગ્યાએ ગણેશોત્સવના વિશાળ જાહેર આયોજન કરવામાં આવ્યા છે. તેમજ અન્ય સોસાયટી કે વ્યક્તિગત કક્ષાના નાના-મોટા અસંખ્ય આયોજનો હાથ ધરવામાં આવ્યા છે. જ્યાં મોટા જાહેર આયોજનો છે તેમાં રોજ સવાર-સાંજ પૂજા-આરતી-પ્રસાદભોગ ધરાય છે અને રાત્રે વિવિધ કાર્યક્રમો યોજી ભક્તિ-સત્સંગ-સંતવાણી અથવા હાસ્ય દરબાર વગરે દ્વારા શ્રદ્ધાળુઓનું મનોરંજન પણ કરવામાં આવે છે. આ વર્ષે ગાંધીનગરમાં સે. ૨, સે. ૩, ૩-એ-ન્યુ, ૩-ડી, સે. ૪, સે. ૬, સે. ૭, સે. ૧૩, સે. ૧૬, સે. ૨૨, સે. ૨૪ અને સે. ૨૭ માં વિશાળ આયોજનો હાથ ધરાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# જન-ધન યોજનાનો રાજ્યવ્યાપી પ્રારંભ

### છેવાડાના માનવી સુધી કેન્દ્ર-રાજ્ય સરકારની સહાય અને લાભો પારદર્શકતાથી ઝડપી પહોંચાડવાનો મોકળો માર્ગ એટલે જન-ધન યોજના : આનંદીબેન પટેલ



ગાંધીનગર, તા. ૨૮

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે -ધાનમંત્રી જન ધન યોજના સરકારી યોજનાઓના નાણાં સીધા લાભાર્થીના હાથમાં પહોંચાડનારી પારદર્શી-ઝડપી વ્યવસ્થા દ્વારા વચેટિયા નાબુદી -થા બનશે તેવો સ્પષ્ટ મત વ્યકત કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ -ધાનમંત્રી જન-ધન યોજનાના વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દિલ્હીથી થયેલા રાષ્ટ્રવ્યાપી -રંભની ગુજરાતમાં શરૂઆત કરાવી હતી.

શ્રીમતી આનંદીબહેન પટેલે આ યોજનાનો રાજ્યારંભ કરાવતાં -તિકરૂપે લાભાર્થીઓને બેન્ક એકાઉન્ટ કિટ એનાયત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ -સંગે મહિલા સશકિતકરણની -તિબધ્ધતાં દર્શાવતાં જાહેર કર્યુ હતું કે રાજ્યમાં સખીમંડળોને બેન્કો દ્વારા જે ધિરાણ-લોન અપાય છે તે લોન ધિરાણના વ્યાજમાં પણ રાજય સરકાર સહાયક બનશે.

● અનુસંધાન પાન-૭ પર



વાત્રક ડેમ ઉપર કુદરતી સૌંદર્ય ખીલ્યુ - માલપુર તાલુકામાં આવેલ વાત્રક ડેમ વિસ્તાર માં વરસાદ પડતા ડુગર ઉપર વનરાજી ખીલી ઉઠી હતી જયારે આ અદભુત કુદરતી સોંદર્યનો નજારો નિહાનળવા મોટી સંખ્યામાં લોકો ડેમ વિસ્તારમાં ઉમટી પડવા લાગ્યા છે. (તસવીર : સમીર બલોચ, મોડાસા)

# વજુભાઈ આદર્શ રાજ્યપાલની છબિ ઉપસાવશે : મુખ્યમંત્રી

### કર્ણાટકના રાજ્યપાલ તરીકે નિમાતા વિધાનસભા અધ્યક્ષ વજુભાઈ વાળાને ભાવસભર વિદાય અપાઈ

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી વજુભાઈ વાળાની કર્ણાટકના રાજયપાલપદે નિમણૂંક થતાં તેમને ભાવભર્યુ વિદાયમાન આજે વિધાનસભામાં આપવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ, વિપક્ષના નેતાશ્રી શંકરસિંહજી વાઘેલા તથા મંત્રીમંડળના મંત્રીશ્રીઓ અને સત્તાપક્ષ--તિપક્ષના વિધાયકોએ આ અવસરે ઉપસથિત રહી શ્રી વજુભાઈ વાળાને ઉષ્માપૂર્ણ સ્નેહભરી વિદાય આપી હતી.

વિદાય લઈ રહેલા અધ્યક્ષશ્રીને મુખ્યમંત્રીશ્રીએ શાલ અને સ્મૃતિચિન્હ અર્પણ કરી શુભેચ્છા વિદાય આપી હતી.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદી બહેને શ્રી વજુભાઈ વાળાને બહુવિધ -તિભા ધરાવતા વ્યકિતત્વ સાથે વિધાનગૃહને જીવંત રાખનારા અધ્યક્ષ ગણાવ્યા હતા.



શ્રીમતી આનંદીબહેને શ્રી વજુભાઈ વાળાની સંગઠનશકિત, સમર્પિત ભાવ અને ખેલદિલીની ભાવનાના અનેક દ્રષ્ટાંતો આપ્યા હતા.

ગુજરાતમાં નાણામંત્રી તરીકે ૧૮ વાર બજેટ રજુ કરવાનો વિક્રમ ધરાવનારા શ્રી વજુભાઈ વાળાએ બજેટમાં પણ વિવિધતા સાથે સામાન્ય માનવીના હિતોને કેન્દ્રસ્થાને રાખ્યા હતા તેમ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ અધ્યક્ષપદની ગરિમા જાળવવાની શ્રી વજુભાઈની લાક્ષણિકતાની સરાહના કરતાં કહયું કે, નવા ધારાસભ્યોને માર્ગદર્શન અને પૂરતી તક -શ્નો પૂછવાની આપવા ઉપરાંત ગૃહનું સરળ સંચાલન વજુભાઈએ સુપેરે પાર પાડયું છે.

શ્રીમતી આનંદીબહેને શ્રી વજુભાઈ વાળા આદર્શ રાજયપાલ નિવડશે તેવી શ્રધ્ધા વ્યકત કરતાં સૌ વિધાનસભ્યો વતી તમને સફળ કાર્યકાળની શુભેચ્છા આપી હતી.

વિપક્ષી નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ શ્રી વજુભાઈ વાળા સાથેના જૂના સંસ્મરણો તાજાં કર્યા હતા અને તેમને રાજયપાલ પદે નિયુકત થવા માટે અભિનંદન પાઠવ્યા હતા.

વિધાનસભાના દંડકશ્રી પંકજભાઈ દેસાઈ, -તિપક્ષના દંડકશ્રી બળવંતસિંહ રાજપૂત તથા ભાજપા -દેશ -મુખશ્રી આર. સી. ફળદુ તેમજ અગ્રણીઓએ શ્રી વજુભાઈ વાળાને પુષ્ણાગુચ્છ અર્પણ કરી શુભેચ્છા વિદાય આપી હતી.

શ્રી વજુભાઈ વાળાએ ભાવસભર -તિભાવ આપતાં રાજકોટના મેયરથી લઈને વિધાનસભા અધ્યક્ષ સુધીના તેમના કાર્યકાળ દરમિયાન સૌના મળેલા સાથ-સહયોગ અંગે રૂણ સ્વીકાર કર્યો હતો.

## અભિવાદન સમારોહની સાથે સાથે

'જાહેર જીવનમાં સત્તાએ સાધ્ય નહિ પણ દરિદ્રનારાયણની સેવા અને જાહેર વિકાસના કામોની અગ્રતા એ જ સફળતાના મંત્રો છે.'

'કામમાં ગંભીરતા દાખવજો પણ ગંભીર થઈ કામ ના કરતા; મોજમાં રહેવું'

**(વજુભાઈ વાળા - પદનામિત રાજ્યપાલશ્રી)**

'વજુભાઈ તમે દરેક વખતે બજેટમાં નવી વાત રજુ કરી છે અને તમારી પાસેથી અમે ઘણુ શીખ્યા છીએ. સામાન્ય માનવી એ તમારા કર્મમાં કેન્દ્રસ્થાને રહ્યો છે.'

'વજુભાઈની ટકોરમાં હાસ્ય સાથે ગંભીરતા પણ હતી.'

'બાપુ તમે તો મોકો ચુકી ગયા છો... તમે પક્ષના પ્રમુખ હતા ત્યારે અમે પક્ષીય રાજકારણમાં પ્રવેશ્યા હતા.'

**(મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ)**

'વજુભાઈ તમે રાજકીય કારકિર્દીની ચરમસીમાને આંબી છે એટલે સન્માનપૂર્વકની વિદાયને ધ્યાને રાખી ભગવી શાલ ખાસ મંગાવીને આપનું સન્માન કર્યું છે.'

'વજુભાઈ તમે બધાને ધ્યાન રાખજો હો... એવું દરેક વખતે કહો છો? શું કારણ છે ? આજે તમે નીતિનભાઈને કહ્યું ને મને પણ કાનમાં પી.એમ.ની શુભેચ્છા બેઠક વખતે કહ્યું હતું.'

'કર્ણાટકના રાજભવનમાં વાંદરા ના મળે તો ગુજરાતમાંથી લઈ જજો; ત્યાંનું રાજભવન સુંદર છે તમને મોર્નિંગ વોકમાં ગુજરાતની યાદ અવશ્ય આવશે.'

**(શંકરસિંહ વાઘેલા - વિપક્ષીનેતા)**


## લગ્ન વિષયક

**સરકારી પ્રાથમિક શિક્ષકતરીકે નોકરી કરતા ૫૩ વર્ષીય વેલસેટ પટેલ વિધુર માટે નિઃસંતાન, વિધવા / ત્યક્તા યુવતીઓના વાલીઓએ સંપર્ક કરવો.**

**મો. નં. : ૯૪૦૯૩ ૩૫૭૩૩**


# જિલ્લા પ્રાથમિક શિક્ષણમાં અચ્છે દિન આયે

### ગોલથરા પ્રાથમિક શાળાના બાળકો માટે ટેબલેબનો પ્રારંભ : જિલ્લાની ૩૦ પ્રા. શાળામાં અમેરિકન ઈન્ડિયન ફાઉન્ડેશન દ્વારા વિશિષ્ટ શિક્ષણ અભિગમનું અનોખુ અભિયાન



ગાંધીનગર, તા. ૨૮

માણસા તાલુકાના ગોલથરા ગામે અમેરિકન ઈન્ડિયન ફાઉન્ડએશન દ્વારા ટેબલેબનો આજે વિધિવત્ પ્રારંભ કરાયો છે. જિલ્લાની ૩૦ શાળાઓમાં આ ફાઉન્ડેશન ગણિત-વિજ્ઞાન અને અંગ્રેજી શિક્ષણ માટે ત્રણ વર્ષ સુધી ખાસ શિક્ષણ અભિયાન ચલાવનાર છે.

આજે જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિક્ટર મેકવાને ફાઉન્ડેશનના સીઈઓ રવિકુમાર પ્રોજેક્ટ ડાયેરેકટર શ્રી સુંદર કિશનની ઉપસ્થિતિમાં આ ટેબલેબનો પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રા. શાળામાં ૩૦ ટેબલેટ થકી બાળકોને શિક્ષણ આપવામાં આવશે. ડિઝીટલ ઈકવીલાઈઝર પ્રોજેકટ માટે જિલ્લાની ૩૦ શાળાઓની પસંદગી કરવામાં આવી હોવાનું જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી શ્રી રાઠોડે જણાવ્યું હતું.

આજે ગલથરા પ્રાથમિક શાળા માણસા-ગાંધીનગર, ગુજરાત ખાતે ડી ટેબલેબ લોન્ચ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# શનિવારે જિલ્લા પંચાયત પોલીસ છાવણીમાં ફેરવાશે

### બન્ને પક્ષો તંત્રને ભીંસમાં લેવાની વ્યુહરચના તૈયાર કરી રહ્યા છે : રાજકીય ઉત્તેજનાઓ

ગાંધીનગર, તા. ૨૮

આગામી શનિવારે ગાંધીનગર જિલ્લા પંચાયત પોલીસ છાવણીમાં ફેરવાઈ જશે. આ દિવસે જિલ્લા પંચાયતની મળનારી સામાન્ય સભાને લઈ ચુસ્ત અને પુરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવાની તંત્રએ માંગ કરી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં નવ કોંગી સભ્યોએ કરેલા સામુહિક પક્ષાંતરને લઈ સામાન્ય સભા તોફાની બનવાની દહેશત હોવાથી તંત્રએ ચાંપતો બંદોબસ્ત રાખવા જિલ્લા પોલીસને જણાવ્યું છે.

જિલ્લા પંચાયતની સામાન્ય સભા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલના અધ્યક્ષપદે શનિવારે મળી રહી છે. આમ તો આ બેઠક સામાન્ય અને રૂટીન બેઠક છે પરંતુ પક્ષાંતરના મામલે તોફાન થાય તેવો ભય સૌને સતાવી રહ્યો છે.

જો કે બન્ને પક્ષો તેમની રાજકીય વ્યુહરચના અંગે હજુ મૌન છે. જો કે કોંગ્રેસ પક્ષે તો પક્ષાંતર કરી જનારા નવ સભ્યો સામે નામનિર્દિષ્ટ અધિકારીની કોર્ટમાં કેસ પણ દાખલ કરી દીધો છે.

રાજકીય વર્તુળોમાં થતી ચર્ચા મુજબ ખેતીવાડી અને અન્ય સમિતિઓની સત્તાઓ પાછી ખેંચવાની દરખાસ્ત પર રાજકીય

● અનુસંધાન પાન-૭ પર